અમદાવાદ(ગ્રામ્ય)ના ૮ માં મહે.એડીશ્નલ સીવીલ જજ અને જયુડિશયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ. મીરજાપુર, અમદાવાદ..

ફોજદારી કેસ નં.:– ૭૬૯/૧૬

આંક –

ફરીયાદી :– શ્રી સરકાર

વિરુઘ્ધ

આરોપી :– ૧.બળદેવભાઈ ચતુરભાઈ પટેલ
૨.ભીખુભાઈ મુળજીભાઈ ઠક્કર
૩.જીતેન્દ્રભાઈ નવીનચંદ્ર પંચાલ
૪.દિનેશભાઈ કાંતીલાલ શાહ
૫.શંભુભાઈ કાંતીલાલ પટેલ
૬.વિનોદકુમાર અમૃતલાલ દરજી
૭.ભરતભાઈ નાગરદાર પટેલ

ગુનો :જુગારધારા ની કલમ: ૪,૫ મુજબ

(૧) આરોપી વિરુઘ્ધ એવો આક્ષેપ છે કે, આરોપી નં.૧ થી ૭ નાઓએ તા. ૧૭ /૦૯ /૨૦૧૫ ના રોજ કલાક ૧૯/૦૦ વાગ્યાના સુમારે સેફરોની એપાર્ટમેન્ટમાં આરોપીઓએ ભરતભાઈ નાગરદાસ પટેલના મકાનમાં ભેગા મળી ગોળ કુંડાળું વાળી ગંજીપાનાનો પૈસાથી હાર–જીતનો જુગાર રમી પકડાઈ ગયેલ હોઈ ગુનો કરેલ આરોપીઓએ ધી જુગારધારાની કલમ– ૪,૫ મુજબ ગુનો કરવા બદલ પોલીસે અટક કરી હાલનું ચાર્જશીટ કરેલ છે.

(૨) આરોપી કોર્ટમાં હાજર થતાં ફરીયાદ પક્ષના પુરાવાની નકલો આપેલ છે. આરોપીએ આંક– થી ગુના કબુલાત પુરશીશ આપેલ છે. આરોપીનું આંક– થી નિવેદન લેતાં ગુના કબુલાતની પુરશીશને વળગી રહે છે. આરોપીને સ્વૈચ્છિક ગુના કબુલાત ઘ્યાને લઈ ઉપરોકત ગુના અંગે તકસીરવાન ઠરાવુ છુ.

(૩) આરોપીને સજા અંગે સાંભળ્યા. આરોપીની ગુના કબુલાતની પુરશીશ તથા ગુનાના સંજોગોને ઘ્યાને લીધા. નામદાર ગુજરાત વડી અદાલતના ''રાજય વિરુઘ્ધ નટવર હરચંદજી ઠાકોર''(૨૦૦૫(૧)ની ગુ.લો.રીપોર્ટર પાનું ૭૦૯)નો ચુકાદો ઘ્યાને લીધો. આરોપીની કબુલાત પુરશીશ તથા ગુનાના સંજોગો ઘ્યાને લેતાં આરોપીને કાયદાનુસારની ન્યુનત્તમ કે મહત્તમ સજા ના કરવાથી પણ ન્યાયનું હિત જળવાઈ રહેશે તેમ જણાતુ હોઈ ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ ૨૫૨ નીચે આરોપીઓને ધી જુગારધારાની કલમ ૧૨ મુજબ શિક્ષા પાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા પ્રત્યેક આરોપીને રુા.૨૦૦/– દંડ (૨૦૦× ૭ ) કુલ દંડ રુા. ૧,૪૦૦ /– દંડ ના ભરે તો દિન–૩ ની સાદી કેદની સજા ફરમાવુ છુ.

(૪) અપીલ પીરીયડ વીત્યા બાદ સદર કામના મુદ્દામાલ સરકાર ખાતે ખાલસા કરવો.

હુકમ આજરોજ તારીખ : ૦૮ મી માહે ડિસેમ્બર સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૮/ ૧૨ /૨૦૧૮
અમદાવાદ (ગ્રામ્ય)

(નિલેશ . આર. સોલંકી )
૮ મા એડી.સીવીલજજ.
એન્ડ એડી. જયુડી મે.જી.ફ.ક.
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર.